ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી

તા. ૭-૦૨-૨૦૨૩

- **સરકારી વિભાગોની વિવિધ ભરતી પરીક્ષાના વારંવાર પેપર ફૂટવાની હકીકત દર્શાવતું શ્વેતપત્ર રજુ કરવામાં આવેઃ શ્રી જગદીશ ઠાકોર**
- **પ્રેમ, સદભાવના સંદેશ અને પ્રજાના પ્રાણ પ્રશ્નોને ઉજાગર કરવા ગુજરાતના તમામ ગામ - શહેરો સુધી પહોંચાડવા માટે 'હાથ થી હાથ જોડો' પદયાત્રા અમદાવાદ ખાતે યોજાઈઃ મોટી સંખ્યામાં લોકો પદયાત્રામાં જોડાયા.**

ઐતિહાસીક સાબરમતી આશ્રમ ખાતે પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરીને "હાથ થી હાથ જોડો" પદયાત્રાનું શુભારંભ કરાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, શ્રી રાહુલ ગાંધીએ સપ્ટેમ્બરમાં કન્યાકુમારીથી કાશ્મીર સુધીની ભારત જોડો પદયાત્રા શરુ કરી અને ૪૦૦૦ કિલોમીટર ચાલીને દેશના ખૂણે ખૂણે એકતા અને અખંડતાની મશાલ જલાવી ત્યારે આ પ્રેમ, સદભાવના સંદેશ અને પ્રજાના પ્રાણ પ્રશ્નોને ઉજાગર કરવા ગુજરાતના તમામ ગામ - શહેરો સુધી પહોંચાડવા માટે 'હાથ થી હાથ જોડો' પદયાત્રા યોજાશે તેના જ ભાગરૂપે ગાંધી આશ્રમથી રાજીવ ગાંધી ભવન, પાલડી સુધીની 'હાથ સે હાથ જોડો' પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતુ. રાજ્યની ભાજપ સરકારની ઘોર બેદરકારી અને લાપરવાહીના કારણે ગુજરાતમાં વારંવાર રાજ્ય સરકારની સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર ફૂટી જવાની ઘટના સામાન્ય બની રહી છે. હાલમાં જ જુનિયર ક્લાર્કની ભરતી માટેની પરીક્ષાનું પેપર લીક થયેલ છે જેના કારણે રાજ્યના લાખો બેરોજગાર યુવાનો હાલાકી અને અરાજકતાનો ભોગ બન્યા. રાજ્યની ભાજપ સરકાર યુવાનોના પ્રશ્નો અંગે અત્યંત અસંવેદનશીલ હોવાનો આ એક વધુ બોલતો પૂરાવો છે. પહેલેથી બેરોજગારીનો ભોગ બનેલા રાજ્યના લાખો બેરોજગાર યુવાનોને પરીક્ષા આપવા જવાનો ખર્ચ, સમયનો દુર્વ્યય અને ભારે હાલાકી ભોગવવા પડ્યા. બેરોજગાર યુવાનો માટે ઉપયોગી આયોજન કે નીતિ ઘડવાને બદલે તેમની હાલાકીમાં વધારો કરવાનું રાજ્યની ભાજપ સરકારનું આ પગલું અત્યંત નીંદનીય છે. પદયાત્રામાં જોડાયેલા કાર્યકર્તા ભાઈઓ-બહેનો, નાગરિકોએ "પરીક્ષાના પેપર ફુટ્યા, યુવાનોના સ્વપ્ના તૂટ્યા" સહિતના સૂત્રો ના પ્લે-કાર્ડ સાથે પદયાત્રામાં દેખાવો કર્યો હતો.

હંમેશની જેમ રાજ્યની પ્રજાના પડખે રહેવાની તેમજ પ્રજાના પ્રશ્નોને વાચા આપવાની નેમ સાથે કોંગ્રેસ પક્ષ સતત સક્રિય રહ્યો છે. આ સંજોગોમાં ભાજપ સરકારના વારંવાર પેપરલીકના અત્યંત ગંભીર અને ગુનાહિત કારનામા સામે વિરોધ વ્યક્ત કરવા ગાંધી આશ્રમ, સાબરમતીથી પાલડી અમદાવાદ સુધી પ્રતિકાત્મક રેલી-કૂચ દ્વારા વિરોધ પ્રદર્શન કરી ગુજરાતના યુવાનોને માટે કોંગ્રેસ પક્ષે નીચે મુજબ મુખ્ય પાંચ માંગ સાથે પદયાત્રાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

૧) ભાજપ સરકારમાં વારંવાર પેપર ફૂટવાની હકીકત દર્શાવતું શ્વેતપત્ર રજુ કરવામાં આવે.

૨) પેપર ફૂટવા અંગેના કેસો માટે સ્પેશીયલ કોર્ટની રચના કરી એક વર્ષમાં ટ્રાયલ પૂરી કરવામાં આવે.

૩) ગુજરાત સરકારના વિવિધ વિભાગોની ખાલી જગ્યાઓનું ભરતી કેલેન્ડર જાહેર કરવામાં આવે.

૪) પ્રમાણિક-નિષ્ઠાવાન અધિકારીના વડપણ હેઠળ એસ.આઈ.ટી દ્વારા તપાસ કરવામાં આવે

૫) સ્પર્ધાત્મક પરીક્ષાની ફોર્મ ફી નાબુદ કરી અને પરીક્ષાના કોલ લેટરને રેલ્વે-બસમાં નિશુલ્ક પરિવહનનો પાસ ગણવામાં આવે

સાબરમતી ગાંધી આશ્રમ થી શરૂ થયેલી 'હાથ થી હાથ જોડો' પદયાત્રામાં વિધાનસભા કોંગ્રેસપક્ષના નેતાશ્રી અમીત ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, પૂર્વ કેન્દ્રીયમંત્રી ડૉ. તુષાર ચૌધરી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, શ્રી જીગ્નેશ મેવાણી, શ્રી રૂત્વિક મકવાણા, શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી લાલજી દેસાઈ, ધારાસભ્યશ્રી સી.જે. ચાવડા, શ્રી ઈમરાન ખેડાવાલા, ડૉ. કીરીટભાઈ પટેલ, શ્રી કાંતિભાઈ ખરાડી, શ્રી ગુલાબસિંહ ચૌહાણ, શ્રી અમૃતજી ઠાકોર, શ્રી દિનેશ ઠાકોર, પૂર્વ ધારાસભ્યશ્રી ચંદનસિંહ ઠાકોર, શ્રી વિરજીભાઈ ઠુંમર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ નેતાશ્રી બાલુભાઈ પટેલ, ડૉ. કનુભાઈ કલસરીયા, ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ડૉ. જીતુભાઈ પટેલ, શ્રી બીમલ શાહ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, કો-કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, પ્રવક્તાશ્રી હિરેન બેંકર, ડૉ. અમિત નાયક, શ્રી નાગજી દેસાઈ, શ્રી ગીતાબેન પટેલ, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખશ્રી જેનીબેન ઠુંમર, ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ પ્રમુખશ્રી હરપાલસિંહ ચુડાસમા, એન.એસ.યુ.આઈ.ના પ્રમુખશ્રી નરેન્દ્ર સોલંકી, સેવાદળના કાર્યકારી અધ્યક્ષશ્રી કિરણ પ્રજાપતિ, અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી નીરવ બક્ષી, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના નેતાશ્રી શેહઝાદખાન પઠાણ સહિત પ્રદેશના હોદ્દેદારશ્રીઓ - આગેવાનશ્રીઓ - જીલ્લા - તાલુકાના આગેવાનશ્રીઓ - હોદ્દેદારશ્રીઓ - કાર્યકર્તાશ્રીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

(હિરેન બેંકર)
પ્રવક્તા